પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૫ | ૭ ફેબ્રુઆરી, ૨૦૨૦, શુક્રવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત

**મોંઘવારીના ભયથી રિઝર્વ બેંકે આખરે રેટમાં ઘટાડો ન કર્યો : નાણાંકીય વર્ષની છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં રિવર્સ રેપોરેટ ૪.૯૦ ટકા તેમજ રેપોરેટને ૫.૧૫ ટકાના દરે યથાવત રાખવા નિર્ણય થયો : ડિસેમ્બરમાં ડુંગળી-શાકભાજીના વધતા ભાવને કારણે રિટેલ મોંઘવારી દર ૭.૩૫ ટકાએ : આરબીઆઇ ૨૦૨૦-૨૧માં જીડીપી ગ્રોથ ૬ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો**



મુંબઈ,તા. ૬

ભારતીય રિઝર્વ બેંકે આજે નાણાંકીય વર્ષની તેની છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. તમામ અર્થશાસ્ત્રીઓની ધારણા પ્રમાણે જ વ્યાજદરોને યથાવત રાખવામાં આવ્યા છે. આજે બેઠકના પરિણામ જાહેર કરવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ધારણા પ્રમાણે જ આરબીઆઈએ આ વખતે નીતિ સમીક્ષામાં રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. નાણાંકીય વર્ષની તેની પોલીસી સમીક્ષાની બેઠકમાં ચાવીરૂપ દરોને યથાવત રાખવામાં આવ્યા છે. મોંઘવારીના ભયથી બજેટ બાદ પ્રથમ પોલિસી રિવ્યુમાં રિઝર્વ બેંકે વ્યાજદરોમાં કોઈ ફેરફાર કર્યા નથી. એમપીસીના તમામ છ સભ્યોએ સર્વસંમતિથી રેપોરેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. રિઝર્વ બેંકે શંકા વ્યકત કરી છે કે, આવનાર સમયમાં મોંઘવારીનો દર ઉંચો રહેશે. ત્રણ દિવસીય આ બેઠક

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીની હાઈવોલ્ટેજ ચૂંટણીના પ્રચારનો અંત : આઠમીએ મતદાન

**૬૭૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા મતદારો ઉત્સુક : કુલ ૬૭૨ ઉમેદવાર પૈકી ૧૦૪ ઉમેદવારોની સામે ગંભીર અપરાધિક કેસો ૩૬ ટકા ઉમેદવાર કરોડપતિ : છેલ્લા દિવસે પ્રચારમાં તમામ તાકાત લગાવાઈ**





નવીદિલ્હી, તા. ૬

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે હાઈવોલ્ટેજ ચૂંટણી પ્રચારનો આજે સાંજે અંત આવ્યો હતો. હવે આઠમી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કુલ ૬૭૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો દિલ્હીની ચૂંટણીમાં થઈ રહ્યો છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોણ બાજી મારશે તેને લઈને સર્વેના તારણો પણ આવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીયમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સહિત તમામ દિગ્ગજોએ જોરદાર પ્રચાર કર્યો હતો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પ્રચારમાં ભાગ લીધો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે શાહીનબાગનો મુદ્દો મુખ્યરીતે છવાયેલો છે. હજુ સુધી એએપીની પાર્ટી આગળ દેખાઈ રહી છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારમાં ઉતર્યા બાદથી ભાજપની સ્થિતિ પણ આંશિકરીતે સુધરી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આંકડા ઉપર નજર કરવામાં આવે તો ૩૫ ટકા ઉમેદવાર અપરાધિક છાપ ધરાવે છે જ્યારે ૩૬ ટકા ઉમેદવાર કરોડપતિ છે. આંકડા દર્શાવે છે કે, કુલ ૬૭૨ ઉમેદવાર પૈકી ૧૦૪ ઉમેદવારની સામે ગંભીર અપરાધિક કેસો રહેલા છે.

# મહાભિયોગ પ્રસ્તાવમાં ટ્રમ્પની મોટી જીત

**સેનેટે નિર્દોષ જાહેર કર્યા : સત્તા-શક્તિના દુરુપયોગ મામલામાંથી ટ્રમ્પ મુક્ત, માત્ર ચાર મતથી બચી ગયા : સેનેટે સત્તાનો દુરુપયોગના આરોપને ૫૨-૪૮ના અંતરથી કોંગ્રેસની કાર્યવાહી કરવાના આરોપને ૫૩-૪૧ વોટના અંતરથી ફગાવી દીધા**

વૉશિંગ્ટન,તા.૬

અમેરિકાની સંસદના ઉપલા ગૃહ સેનેટે બુધવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને માહભિયોગના તમામ આરોપમાંથી મુક્ત કરી દીધા છે. તેમના પર સત્તાના દુરૂપયોગ કરવાનો તેમજ કોંગ્રેસ (અમેરિકન સંસદ)ના કામમાં અડચણ ઉભી કરવાનો આરોપ હતો. સેનેટમાં રિપબ્લિકન્સ (ટ્રમ્પના પક્ષ)નો બહુમત છે. સત્તાના દુરૂપયોગના આરોપમાં ટ્રમ્પને ૫૨-૪૮ તેમજ કોંગ્રેસના કામમાં રોડા નાંખવાના આરોપમાં ૫૩-૪૭ મત મળ્યા હતા. મહાભિયોગના સંકટમાંથી બહાર આવનાર ટ્રમ્પ અમેરિકાના ઈતિહાસના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા છે. અગાઉ ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ જોનસન તેમજ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનને મહાભિયોગના આરોપનો સામનો કરવો પડ્યો હતો. ઉટાહના સેનેટર મેટ રોમની એકમાત્ર રિપબ્લિકન હતા, જેમણે ટ્રમ્પ વિરુદ્ધ (સત્તાના દુરૂપયોગના સમર્થનમાં) મત નાંખ્યો હતો. રોમનીએ કોંગ્રેસના કામમાં અવરોધ લાવવાના આરોપમાં ટ્રમ્પનું સમર્થન કર્યુ હતું.

૧૮ ડિસેમ્બરના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. ટ્રમ્પ સામે આક્ષેપ કરાયો હતો કે તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર જેલેન્સકી પર ૨૦૨૦માં ડેમોક્રેટિક પાર્ટીના સંભવિત ઉમેદવાર જો બિડેન અને તેમના પુત્ર વિરુદ્ધ ભ્રષ્ટાચારની તપાસ માટે દબાણ કર્યુ હતું. બિડેનના પુત્ર યુક્રેનની એક એનર્જી કંપનીમાં ઉચ્ચ અધિકારી છે. ટ્રમ્પ સામે એવો આક્ષેપ પણ હતો કે તેમણે રાજકીય લાભ માટે યુક્રેનને મળતી આર્થિક મદદને અટકાવી હતી.

## સરકારી બંગલા પર કબજો જમાવનારા નેતાઓ-અધિકારીઓને બહાર કાઢો

**નેતાઓ બંગલો ખાલી ન કરે તો તેમને સામાન રસ્તા પર ફેંકી દો : દિલ્હી હાઇકોર્ટે કેન્દ્ર સરકારને ઠપકો આપ્યો**

ન્યુ દિલ્હી,તા.૬

દિલ્હીમાં ૫૭૬ સરકારી બંગલા પર રિટાયર્ડ અધિકારીઓ અને પૂર્વ સાંસદોના ગેરકાયદેસર કબ્જાને લઈ નારાજગી વ્યકત કરતાં દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને ખખડાવ્યું છે. કોર્ટે બે સપ્તાહની અંદર તેમને ખાલી કરવાનો આદેશ આપતા કહ્યું છે કે કબ્જાધારીઓ પાસેથી બાકી વસૂલાશે. કોર્ટે એટલા સુધી કહી દીધું કે જો કોઈ બંગલો ખાલી ના કરે તો બે સપ્તાહમાં તેમનો તમામ સામાન રસ્તા પર ફેંકી દેવામાં આવે. ચીફ જસ્ટિસ ડી.એન.પટેલ અને જસ્ટિસ સી.હરિ શંકરે કહ્યું કે સરકાર તેમની પાસેથી બાકી પૈસા વસૂલે અને અત્યાર સુધીની રિકવરી શરૂ નહીં કરવાને લઈ કોર્ટે ખખડાવ્યા. તેમાંથી કેટલાંય લોકોએ બે-એક દાયકાથી પણ વધુ સમયથી કબ્જો જમાવી રાખ્યો છે અને તેના પર ૯૫ લાખ રૂપિયાથી વધુ બાકી છે.

કોર્ટે શહેરી વિકાસ અને આવાસ મંત્રાલયને કહ્યું કે જો કોઈ સરકારી આવાસમાં વધુ સમય સુધી રહે તો તમને તેમને હટાવા માટે ૫ વર્ષના પ્લાનની જરૂર તો નથી? અંદાજે ૬૦૦ બંગલા ખાલી કરવામાં આવ્યા નથી. તમે તેમની પાસેથી ઘર ખાલી કેમ ના કરાવ્યું? તેમને રિકવરી માટે અત્યાર સુધી કોઈ નોટિસ કેમ આપી નહીં?

# ...તો સમસ્યાઓ યથાવત્ રહી હોત : મોદી

**કોંગ્રેસના પગલે ચાલ્યા હોત તો સમસ્યાઓ યથાવત્ રહી હોત : લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણના બહાને વડાપ્રધાનના વિપક્ષ પર ચાબખાં**

**કોંગ્રેસના માર્ગે જૂની રૂઢિ પ્રમાણે ચાલ્યા હોત તો આર્ટિકલ ૩૭૦, રામ મંદિર, ત્રિપલ તલાક, સીડીએસની નિયુક્તિ, લડાકુ વિમાન દેશને મળ્યા ન હોત : વિપક્ષ માટે ગાંધીજી ટ્રેલર હોઇ શકે છે, અમારા માટે તો જીવન છે**

**કોંગ્રેસ માટે જે લોકો મુસ્લિમ તે અમારા માટે ભારતીય, નાગરિકતા કાયદાથી એક પણ ભારતીયને નુકસાન નહિ થાય, તેઓ વોટબેન્ક માટે ખોટી ભ્રમણાઓ ફેલાવે છે,શીખોને મારનારને મુખ્યમંત્રી બનાવાયા**

### રાહુલ ગાંધીના દંડાનો જવાબ સૂર્ય નમસ્કારથી આપીશ : મોદી

**માર ખાવા માટે પીઠ મજબૂત કરી લઈશ : કેટલીક ટ્યૂબલાઇટો મોડી ઝબુકતી હોય છે : મોદીનો રાહુલ પર કટાક્ષ**

લોકસભામાં પીએમ મોદીએ કરેલા લાંબા સંબોધનમાં ૩૫મી મિનિટે રાહુલ ગાંધીનો ઉલ્લેખ થયો હતો. પીએમ મોદીએ રાહુલ ગાંધીનુ નામ લીધા વગર કહ્યુ હતુ કે, મારા માટે કહેવામાં આવ્યુ છે કે, છ મહિનામાં લોકો મને ડંડાથી મારશે એટલે મેં પણ નક્કી કર્યુ છે કે, છ મહિનામાં સૂર્યનમસ્કાર કરીને મારી પીઠ મજબૂત બનાવીશ એટલે મને ડંડાની કોઈ અસર ના થાય. પીએમ મોદીએ કહ્યું છેલ્લા ૨૦ વર્ષથી ગાળો ખાવાની આદત પડી ગઈ છે. રાહુલ પર ટોણો મારતા કહ્યું કે, ૩૫ મિનિટથી બોલી રહ્યો છું પણ હવે જઈને કરંટ લાગ્યો છે.



ન્યુ દિલ્હી,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે લોકસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવ અંગે થયેલી ચર્ચાના જવાબમાં કોંગ્રેસ, નાગરિકતા કાયદાનો વિરોધ કરનારાઓ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના વિશે કરેલી ટીપ્પણી,સિખ રમખાણો વગેરે.ના મુદ્દે રાજકિય પ્રહારો કરીને સણસણતા ચાબખા માર્યા હતા. અને એક તબક્કે રાહુલ માટે પરોક્ષ રીતે ટ્યુબલાઈટ સાથે સરખામણી કરીને વ્યંગ કર્યો હતો કે જેમ ટ્યુબલાઈટને સળગવા માટે કરંટ લાગતાં વાર લાગે તેમ રાહુલને મારી વાત સમજવામાં વાર લાગે છે..." બેકારીના મુદ્દે યુવાનો મોદીને ડંડા મારશે એવી રાહુલની ટીપ્પણીના જવાબમાં મોદીએ રાહુલે જવાબ આપ્યો કે વાંધો નહીં ડંડા ખાવાની સહનશક્તિ વધારવા તેઓ સૂર્ય નમસ્કારની સંખ્યા વધારીને

● અનુસંધાન પાન-૭ પર

# સરહદે ભારતીય સશસ્ત્ર દળ એલર્ટ

નવી દિલ્હી, તા.૬

ભારતીય સશસ્ત્ર દળોએ ચીનમાં કોરોના વાયરસ ફેલાઈ ગયા બાદ ચીન અને નેપાળ સાથેની સરહદ ઉપર મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી રાખી છે. આર્મ્ડ ફોર્સના મેડિકલ સર્વિસ ડિરેક્ટર અનુપ બેનર્જીએ આજે કહ્યું હતું કે, સરકારે કોરોના વાયરસ સહિત જુદા જુદા વાયરસના ટેસ્ટ સેમ્પલો માટે ૧૦ રિસર્ચ લેબોરેટરીને મંજુરી આપી છે.

આર્મ્ડ ફોર્સ મેડિકલ કોલેજમાં એક પત્રકાર પરિષદ દરમિયાન વાતચીત કરતા તેમણે આ મુજબની વાત કરી હતી. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, આર્મ્ડ ફોર્સ દ્વારા કઠોર પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસ ઈન્ફેક્શનના ફેલાવવાને રોકવા માટે કઠોર અને ફુલપ્રુફ પગલા લેવામાં આવી રહ્યા છે. ચીન અને નેપાળ સાથેની સરહદ ઉપર પણ પગલા લેવામાં આવી રહ્યા છે.

# ચીનમાં કોરોનાનો આતંક : ૨૪૫૭૦ના મોત થયાનો ધડાકો

**ટેનસેન્ટે મોડેથી તેના અગાઉના આંકડાને બદલી દઇ ગુલાંટ મારી : ચીનની એક કંપની ટેનસેન્ટનો આંકડો ચીની મોતના સત્તાવાર આંકડા કરતા ૮૦ ગણો વધારે : સત્તાવાર રીતે મોતનો આંકડો ૫૬૩ ઉપર પહોંચી ચુક્યો**



બેજિંગ, તા.૬

ચીનમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને હવે વધીને ૫૭૦ સુધી પહોંચી ગયો છે. બુધવારના દિવસે એક દિવસમાં જ વધુ ૭૩ લોકોના મોત થઈ જતા લોકોમાં દહેશત અકબંધ રહેલી છે. હજારો લોકો આના સકંજામાં છે. બીજી બાજુ તાઈવાનના સમાચાર પત્ર તાઈવાન ન્યુઝના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીની કંપની ટેનસેન્ટના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે ૧૫૪૦૨૩ લોકો પ્રભાવિત છે. સાથે સાથે ૨૪૫૮૯ લોકોના મોત થઈ ચુક્યા છે. જો કે, મોડેથી ટેનસેન્ટે તેનો આંકડો સુધાર્યો હતો. ટેનસેન્ટનો આ આંકડો ચીનના સત્તાવાર આંકડા કરતા ૮૦ ગણો વધારે છે. કરોના દાનવે દરરોજ મોટી સંખ્યામાં લોકોની બળી લેવાની શરૂઆથ કરી દીધી છે. અમેરિકા સુધી ત્રાટકવાની મિસાઈલ ધરાવનાર ચીનને આ વાયરસે હચમચાવી મુક્યુ છે. દહેશત એટલી હદ સુધી ફેલાઈ ગઈ છે કે હવે દુનિયાના દેશો પરેશાન છે. ચીની રાષ્ટ્રીય આરોગ્ય પંચે તેના અહેવાલમાં કહ્યુ છે કે બુધવારના દિવસે ૭૩ લોકોના મોત થયા છે. જે પૈકી હુબેઇ પ્રાંતમાં ૭૦ લોકોના મોત થયા છે. જ્યાં સૌથી વધારે લોકોના મોત થયા છે. બચાવ અને રાહત કામગીરીમાં આરોગ્ય કર્મચારીઓ એટલી હદ સુધી લાગેલા છે કે તેમને જોઈને સલામ કરી શકાય છે. કારણ કે માસ્ક પહેરી પહેરીને તેમના ચહેરા પર ઘા થઈ ગયા છે. ઘાના નિશાન થઈ ગયા છે. કોરોના વાયરસના કારણે અલગથી હોસ્પિટલ બનાવી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સરકાર માન્ય LTC/કપલ/ફેમીલી પ્રવાસો
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોગ
દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ
બેંગકોક પટાયા ફૂકેટ કાબી
કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ
આંદામાન હેવલોક-નીલ
સિંગાપોર-મલેશિયા થાઈલેન્ડ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
યુરોપ
દુબઈ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી-કોવાલમ
સ્પે.ગોવા
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
8511103141 9998824488 9998826688
નૂતન ટ્રાવેલ્સ 26562322/24 • 9427455274 9898023955 • 9724303375

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225